

## ‘ગ’ માર્ગ પર જમીન બેસી જતાં મોટો ભૂવો પડયો

ગાંધીનગરમાં વરસેલા તોફાની વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાવાની સમસ્યા ઉદભવી હતી. આ વરસાદના કારણે નગરના ‘ગ’ માર્ગ પર ભૂવો પડવાને કારણે મોટું ગાબડું પડી જવા પામ્યું છે. રોડની સાઈડમાં જમીન બેસી જતાં ફુટપાથની નીચે અને રોડ પર મોટો ખાડો પડી જતા રાહદારીઓ અને વાહનચાલકો માટે મોટું જોખમ ઉભું થવા પામ્યું છે. આટલો મોટો ભૂવો પડવા છતાં તંત્ર હજુ ઘોર નિંદ્રામાં જણાય છે. અને આ ખાડો પુરવા હજુ કોઈ પગલાં લેવાયા નથી. જો સત્વરે આ ગાબડું નહીં પુરાય તો મોટો અકસ્માત કે જાનહાનિ થવાની ભિતી સેવાઈ રહેલી છે.

# જય અંબે પરિવાર દ્વારા શક્તિ દર્શનમ્ કાર્યક્રમ યોજાયો

### નૂતન વર્ષના પ્રારંભે સાત દિવસીય રજત જયંતિ મહોત્સવ ઉજવવાનું આગોતરૂ આમંત્રણ અપાયું : ૩૦મી ઓગસ્ટે સે. ૧૩ ના શક્તિચોકથી પરિવારની ૨૬મી પદયાત્રા પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના જય અંબે પરિવારને ૨૫ વર્ષ પૂરા થતા હોઈ આગામી નૂતન વર્ષના પ્રારંભે ‘રજત જયંતિ મહોત્સવ’ની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણીમાં આગોજરૂ આમંત્રણ આપવા પરિવાર દ્વારા તા. ૨૪મી ઓગસ્ટે ગાંધીનગરના ટાઉનહોલમાં ‘શક્તિ દર્શનમ્’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રંગલા-રંગલીના માધ્યમ દ્વારા શક્તિઉત્પતિની કથા, અંબાજી શક્તિપીઠનો મહિમા તેમજ જય અંબે પરિવારની ૨૫ વર્ષની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક અને રાસ-ગરબા રજૂ કરાયા હતા.

જય અંબે પરિવાર દ્વારા આગામી નૂતન વર્ષના પ્રારંભે સાત દિવસીય ‘રજત જયંતિ મહોત્સવ’ ઉજવવામાં આવનાર છે. આ મહોત્સવ અંગે સંસ્થાના ૧૦૦૦ સન્માનીય દાતાઓને આ કાર્યક્રમ થકી માહિતી આપવામાં આવી હતી. તેમજ આ મહોત્સવમાં પધારવા આગોતરૂ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાઈ હતી જેનું દિગ્દર્શન પનઘટ ગૃપના પ્રણેતા ભાવિન પટેલે કર્યું હતું. નાટ્યકલા અંગેનું દિગ્દર્શન માહિતીખાતાના અધિકારી પ્રકાશ લાલાએ કર્યું હતું તેમજ તેમના સહિત ગુંજન વોરા, મૌલિક નાયક અને કલ્ચરલ સ્કૂલ ઓફ એકિંટગના વિદ્યાર્થીઓએ અભિનયના અજવાળા પાથર્યા હતા. આ કાર્યક્રમમાં રાસ-ગરબાની કોરિયોગ્રાફી સંસ્થાના સાંસ્કૃતિક સમિતિના કન્વીનર દીપક વ્યાસે કરી હતી. જ્યારે દશ્ય-શ્રાવ્ય કાર્યક્રમનું દિગ્દર્શન નીલ પટેલ દ્વારા કરાયું હતું. આ કાર્યક્રમને ચંદ્ર વિઝનના બિલ્લુ શર્મા દ્વારા ઓન સ્કીન લાઈવ પ્રસ્તુત કરાયું હતુ તેમજ કાર્યક્રમનું સંકલન લીનેશ પટેલે કર્યુ હતુ.



# ચિલોડના અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં પાનની પિચકારીઓ અટકાવવા દેવી દેવતાઓનું શરણું

### કોમ્પ્લેક્ષમાં આવેલ પ્લેગ્રુપની શાળાના સંચાલકોએ ગંદકીની બદી દૂર કરવા સીડીઓમાં હિન્દુ દેવી દેવતાઓની તસવીરો વાળી ટાઈલ્સ લગાડી

ચિલોડા, તા.૨૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે દહેગામ રોડ પર આવેલ અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં મુલાકાતીઓ દ્વારા સીડીઓમાં પાન મસાલા ખાઈને પિચકારીઓ મારવાના કારણે ગંદકી થતી હતી. આ કોમ્પ્લેક્ષમાં નાના ભૂલકાંઓની પ્લેગૃપની એક નર્સરી શાળા પણ આવેલી હોઈ આ ગંદકીના કારણે બાળકો રોગના શિકાર બને તેવી શકયતાઓ સેવાતી હતી. છેવટે શાળાના સંચાલકોએ આ બદીને રોકવા દેવી દેવતાઓનો આશરો લઈ સીડીમાં બને બાજુએ ધાર્મિક દેવી-દેવતાઓની તસવીરો લગાડી છે જેના કારણે આ વાત ચર્ચાના ચકડોળે ચઢી જવા પામી છે.

ચિલોડાથી દહેગામ જવાના માર્ગ પર આવેલ અશ્વમેધ કોમ્પ્લેક્ષમાં વ્યસનીઓ દ્વારા સતત પાન-મસાલા ખાઈને થુંકવાના કારણે ગંદકીએ માઝા મુકી હતી. આ ગંદકીના કારણે આ કોમ્પ્લેક્ષમાં આવેલ પ્લે ગ્રુપની શાળાના નાના નાના ભૂલકાંઓને રોગજન્ય જીવાણુઓનો ચેપ લાગી જવાનો ખતરો રહેતો હતો. આ શાળાના સંચાલકો દ્વારા વારંવાર આ બાબતે કોમ્પ્લેક્ષના સત્તાવાળાઓ તેમજ આવતા જતા મુલાકાતીઓ સમય ફરિયાદ કરવામાં આવતી હતી પરંતુ તેની કોઈ જ અસર જોવા મળતી નહોતી. આથી આ શાળાના સંચાલકોએ આ બદી અટકાવવા નવો કિમિયો શોધી કાઢતા કોમ્પ્લેક્ષની સીડીમાં બંને બાજુએ હિન્દુ ધર્મના દેવી દેવતાઓની તસવીરો વાળી ટાઈલ્સ ફીટ કરાવી દીધી છે. આમ કરવા પાછળ તેમનો આશય એ છે કે ધાર્મિક માન્યતાને કારણે હવે ત્યાં પાનની પિચકારી નહીં મારે પરંતુ આ કારણે વાત ચર્ચાને ચકડોળે ચઢી જવા પામી છે.

એક તરફ કેટલાક લોકો ગંદકી રોકવા શાળાના આ પગલાંને નવતર અને પ્રશંસનીય ગણાવે છે અને આ કારણે ધાર્મિક આસ્થા ધરાવતા લોકો અહીં ગંદકી ફેલાવતા અટકી જશે તેવું માનવામાં આવે છે. જો કે બીજી તરફ કેટલાક લોકોની એવી દલીલ છે કે અહીં લગભગ તમામ ધર્મના લોકો આવે છે જેના કારણે અન્ય ધર્મના લોકો હિન્દુ ધર્મના દેવી દેતવાઓનું સન્માન કેટલું જાળવશે તે વિચારવા યોગ્ય છે. જો અન્ય ધર્મના લોકો હિન્દુ દેવીદેવતાઓનું સન્માન ન જાળવે તો લોકોની ધાર્મિક લાગણી દુભાઈ શકે તેમ છે વળી કેટલાક લોકોને ગંદકી અટકાવવા આ રીતે દેવી દેવતાઓની તસવીરનો ઉપયોગ કરવો યોગ્ય લાગતો નથી. સમગ્ર બાબતમાં સ્વચ્છતાનો મુદ્દો કોરાણે ના મુકાય તેવી આ કોમ્પ્લેક્ષના વેપારીઓમાં માંગ પ્રવર્તી રહી છે.


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# હાલીસામાં ખેડૂતના ઘરે થયેલી ૧૦ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

### ચોરીના ૩.૩૦ લાખના મુદ્દામાલ સાથે બે આરોપીઓને એલીસીબીની ટીમે ઝડપી પાડ્યા : મંદિરમાંથી ડી.વી.ડી. ચોરી સહિત ૩ બાઈક ચોરીના પણ ભેદ ઉકેલાયા

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લાના દહેગામ તાલુકામાં સ્થિત હાલીસા ગામના એક ખેડૂતના મકાનમાં ૨૫ દિવસ અગાઉ રાત્રી દરમિયાન ઘરફોડ ચોરી થઈ હતી. બાથરૂમ પાસેની બારીના સળીયા નિકાળી મકાનમાં ઘુસી તસ્કરો સોનાના દાગીના અને રોકડ મળી ૧૦ લાખ મત્તા ચોરી કરી ગયા હતા. ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે દહેગામના દેવકરણના મુવાડા નજીકથી ઘરફોડ ચોરી કરનાર બે શખ્સોને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. હાલીસાની ઘરફોડ ચોરી ઉપરાંત અલગ-અલગ સ્થળોએથી થયેલા ત્રણ વાહન ચોરીના ભેદ પણ ઉકેલાઈ ગયા છે. બન્ને આરોપીઓને એલસીબીએ ધરપકડ કરી દહેગામ પોલીસને વધુ તપાસ અર્થે સોંપ્યા છે.

જિલ્લા પોલીસ વડા શરદસિંગલની સૂચનાથી ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમ મિલકત સંબંધિત ગુનાઓ થતા ગુનાઓ કરતા શખ્સોને પકડી પાડવા તેમજ આવા ગુનાઓ અટકાવવા કામે લાગી હતી. દરમિયાન ગઈકાલે પી.એસ.આઈ. એચ.કે. સોલંકી તથા તેમની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે એલસીબીના કોન્સ્ટેબલ કેતનકુમારને બાતમી મળી હતી કે બે ઘરફોડીયા, ચોરીના માલ સાથે દેવકરણના મુવાડાથી પસાર થઈ રહ્યા છે જેને આધારે આખી ટીમ બાતમી સ્થળે પહોંચી ગઈ અને વોચ ગોઠવી બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. મૂળ વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના ગમીરપુરા ગામનો અને હાલ પંચમહાલના હાલોલ તાલુકાના ટીમ્મી ગામે રહેતો ૨૫ વર્ષીય ખેત મજૂર હરિકૃષ્ણ ઉર્ફે પીન્ટુ ઉર્ફે પૃથ્વી જશુ નાનજી પટેલ (નાયક) અને મૂળ ઉત્તરપ્રદેશનો અને હાલ અમદાવાદના ધોળકા તાલુકાના રનોડા ગામનો સતિષ ઉર્ફે સતિયો ઉર્ફે સત્યમ અમરસિંગ રાજારામ મટમ મળી બન્ને શખ્સોને એક બાઈક સોના ચાંદીના દાગીના એક લેપટોપ, ચાર મોબાઈલ, હોમ થિયેટર ડીવીડી સહિત રૂ. ૩,૨૯,૭૬૩ ના ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. બન્ને શખ્સોની સઘન પુછતાછ કરતાં પચીસેક દિવસ અગાઉ દહેગામના હાલીસા ગામમાં થયેલ ઘરફોડ ચોરી તે બન્નેએ મળીને કરી હોવાનું કબુલ્યુ છે. જે બાઈક સાથે તેઓ પકડાયા હતા તે બાઈક દહેગામના મધુવન સોસાયટીમાંથી ચોરી કરી હોવાનું બહાર આવ્યું છે તે ઉપરાંત વાસણા ચૌધરી ગામેથી બાઈક ચોરીને રાયપુર કેનાલ પાસે બિનવારસી હાલતમાં મુકી દીધુ હોવાની પણ કબુલાત કરી હતી. તે સિવાય તલોદ તાલુકાના તાજપુર કુઈ ગામેથી અને ઓરણ ગામેથી પણ એક એક બાઈક અને ઓરણ ગામના મંદિરમાંથી ડીવીડી હોમથિયેટરની ચોરી કરી હોવાનું બહાર આવ્યું હતું.

વડોદરા જિલ્લા વિસ્તારમાં પણ ૧૦-૧૨ ગુનાઓ આચર્યા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. બન્ને શખ્સોની દહેગામ પોલીસે વધુ પુછપરછ શરૂ કરી છે.



# સે-૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૨૫

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા નગરમાં ૪૫માં ગણેશોત્સવનું દબદબાભેર આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૯ ઓગષ્ટથી ૪ સપ્ટેમ્બર દરમિયાન ઉજવવામાં આવનાર ગણેશોત્સવનું આ સળંગ ૪૫મું વર્ષ છે. જે ગાંધીનગરની સ્થાપના કાળથી ઉજવવામાં આવતો નગરનો સૌથી લોકપ્રિય અને સાંસ્કૃતિક મહોત્સવ છે. જેમાં નગરના વિવિધ ધર્મના લોકો એક થઈને સૌના સહકારથી ઉજવાતો નગરનો સૌથી મોટો લોક ઉત્સવ બનાવવા નગરના ધર્મપ્રેમી લોકોનો સૌથી મોટો ફાળો રહેલ છે.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગરના ૪૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે વર્ષ ૨૦૧૪ના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવેલ છે જેમાં કાર્યકર્તાઓએ ભારે ઉત્સાહથી સર્વાનુમતે પ્રમુખ તરીકે નિશિત વ્યાસની નિમણુંક કરવામાં આવેલ છે. ઉપપ્રમુખ તરીકે અરુણ બુચ, પંઢરીનાથ જગતાપ, હિરેન શાસ્ત્રી, શ્રીમતી લતાબેન ચોકસી, ધૈર્યસિંહ માહિતે, પરેશ પટેલની નિમણુંક કરવામાં આવેલ છે. મહામંત્રી તરીકે પ્રવિણ વિઠ્ઠલરાવ બાલપાંડે, મંત્રી તરીકે વિષ્ણુરાવ બાલપાંડે, ખજાનચી તરીકે કલ્પેશ બાલપાંડે અને ઓડિટર તરીકે હસમુખ ઠાકરની નિમણુંક કરવામાં આવેલ છે તેમજ સંકલન સમિતિમાં કુ. ચેતનાબેન બુચ, રાકેશ જાની શૈલેન્દ્રસિંહ બિહોલા, જયેશ પટેલ, ભાવિન પટેલ, કિન્નર ઝવેરી, જયરાજસિંહ સરવૈયા, શ્રી સી.એલ. મહેતા, શ્રીમતી નિરૂબેન નાયક, શ્રીમતી વર્ષાબેન લેકિનવાલા અને વ્યવસ્થા સમિતિમાં બાબુરામ ભોંસલે, સંજય ભોંસલે, સાહેબરાવ બાલપાંડે, ભાસ્કરરાવ બાલપાંડે, યોગેશ વ્યાસ, જોયેબ અબ્બાસ, શ્રી નીતિન પરમાર, દયારામ રાજગોર, રાજેશ પરમાર, ચંદ્રકાંત કાંબળેની નિમણુંક કરવામાં આવેલ છે. સ્વાગત સમિતિમાં કે.આર. પટેલ, આસીફ કુરેશી, હિરેન ઠાકર, તુષાર શાહ, દિલિપ ત્રિવેદી, પરેશ પટેલ, જગદીશસિંહ વાઘેલા, શ્રીમતી રક્ષિતાબેન ઉપાધ્યાય, કેસરીસિંહ બિહોલા અને સલાહકાર સમિતિમાં કૃષ્ણકાંત જહા, મનોજ શુકલ, સૂર્યસિંહ ડાભી, મનોજ લેકનવાલા, રજનીકાંત સુથાર, મયુર વ્યાસ, જિતેન્દ્રસિંહ વાઘેલા, એમ.વી. બારોટ, શ્રી સંજય થોરાતની નિમણુંક કરવામાં આવેલ છે. સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે સર્વ કાર્યકર્તાઓ દ્વારા વિવિધ જવાબદારીઓ સુંદર રીતે સ્વીકારીને કાર્યક્રમને સફળ બનાવવા કટીબધ્ધતા દર્શાવવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.



## પવિત્ર શ્રાવણના છેલ્લા દિવસે નીલકંઠને રીઝવવા ભકતો ઉમટયા

પવિત્ર શ્રાવણ માસમાં શિવભકિત ચરમ સીમાએ પહોંચી હતી. ચિલોડાના નીલકંઠ મહાદેવ ખાતે અમાસના દિવસે શ્રધ્ધાળુઓ ભગવાન સદાશિવને રીઝવવા મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. આ શ્રધ્ધાળુઓએ શિવજીને દૂધ અને જળનો અભિષેક કરી પૂજા અર્ચના કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## સે-૧૬માં રકતદાન કેમ્પ યોજાશે

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા આજે બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન સેકટર-૧૬ શ્રધ્ધાદીપ લેબોરેટરી ખાતે રકતદાન કેમ્પ યોજવામાં આવશે. કેમ્પમાં મોટી સંખ્યામાં રકતદાન કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

## સે-૩૦ સાંઈબાબા મંદિરમાં ગણેશોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

સેકટર-૩૦ ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે તા. ૨૯ ઓગસ્ટ, શુક્રવાર સાંજે ૪. ૩૦ વાગે ગણપતિની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. ગણેશોત્સવ નિમિત્તે તા. ૨૯ ઓગસ્ટથી તા. ૪ સપ્ટેમ્બર દરમિયાન સવારે ૬.૪૫ વાગે અને સાંજે ૬.૩૦ વાગે ભગવાન ગણપતિની આરતી-પૂજા કરવામાં આવશે. ગણેશોત્સવમાં નગરજનોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૩

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૭૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫, ૩.૪૫, ૬. ૪૫, ૧૦.૦૦

: સ્કીન-૨ :
મર્દાની : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્કીન-૩ :
ધ એકપેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્કીન-૪ :
મેડ અબાઉટ ડાન્સ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
મર્દાની : ૧૦.૦૦

: સ્કીન-૫ :
સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
મર્દાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૭.૩૦

: સ્કીન-૨ :
ધ એકપેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
મેડ અબાઉટ ડાન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્કીન-૩ :
મર્દાની : ૧.૦૦, ૭.૦૦
સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**કર્ક** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**વૃશ્ચિક** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**કુંભ** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. જીવણભાઈ બાજીદાસ પટેલ (ઉ.વ.૭૩) ૪૬૯, વિરાટનગર, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. કમળાબેન કુલચંદભાઈ નાયી (ઉ.વ.૭૫) મુ. મોટી આદરજ તા.જી. ગાંધીનગર.
- સ્વ.ભીખાજી શિવાજી સોલંકી (ઉ.વ.૮૫) મુ.પો. આલમપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. લાખાજી મોતીજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ. વાવોલ, કુબેરનગર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબહેન કચરાજી પરમાર (ઉ.વ.૬૫) જીઈબી કોલોની, મેઈનગેટના છાપરા, સેક્ટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન મંગાજી ઠાકોર (ઉ.વ.૭૫) ગામ. સાલડી, તા.જી. ગાંધીનગર